## (1) હિપેટાઈટીસ-C રોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રોગ મુખ્યત્વે હૃદયને અસર કરે છે.

(2) આ એક ચેપી રોગ છે.

(3) આ રોગ વિરુદ્ધની રસી હજુ સુધી અસ્તિત્વમાં નથી.

(4) 2020 વર્ષનું મેડીસીન ક્ષેત્રનું નોબેલ પ્રાઈઝ હિપેટાઈટીસ-Cની શોધ કરનાર વૈજ્ઞાનીકોને મળેલું છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (3)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ હાર્વી જે. અલ્ટર, ચાર્લ્સ એમ. રાઈસ અને માઈકલ હ્યુટન નામન વૈજ્ઞાનીકોને વર્ષ 2020નું મેડીસીન ક્ષેત્રનું નોબેલ પ્રાઈસ હિપેટાઈટીસ-C વાયરસની શોધ માટે આપવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ રોગ હિપેટાઈટીસ-C વાયરસ (HCV) દ્વારા ફેલાય છે. તે મુખ્યત્વે લિવર/યકૃતને અસર કરે છે. તેના દ્વારા લિવરના કેન્સરનું પણ જોખમ રહેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ હિપેટાઈટીસ-C એક ચેપી રોગ છે જે લોહીના સીધા સંપર્ક દ્વારા અથવા તો અન્ય શારીરિક પ્રવાહી દ્વારા ફેલાય શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ રોગ માટેની રસીની શોધ હજુ થઈ નથી. તેની સારવાર માટે એન્ટી–વાયરસ દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ WHOના આંકડા મુજબ, વિશ્વમાં આશરે 7.1 કરોડ લોકો હિપેટાઈટીસ-C રોગથી પીડાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) ભારતમાં હિપેટાઈટીસની પરિસ્થિતિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) ભારતે વર્ષ 2030 સુધીમાં હિપેટાઈટીસ-Cને દૂર કરવાનું લક્ષ્ય રાખેલું છે.
(2) ભારતમાં આશરે 4 કરોડ લોકો હિપેટાઈટીસ-Bથી ચેપગ્રસ્ત છે.
(3) ભારતની આશરે 1% વસતીને હિપેટાઈટીસ-C હોવાનું અનુમાન છે.
(4) ભારતમાં સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ હેઠળ હિપેટાઈટીસ-Bની રસી આપવામાં આવે છે.

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ભારતમાં આશરે 0.5 થી 1.0 ટકા લોકો હિપેટાઈટીસ-Cથી પિડીત છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ NVHCP કાર્યક્રમ હેઠળ ભારતે 2030 સુધીમાં હિપેટાઈટીસ-Cને દૂર કરવાનું લક્ષ્ય રાખેલું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ NVHCPનું પૂરું નામ નેશનલ વાયરસ હિપેટાઈટીસ કંટ્રોલ પ્રોગ્રામ છે. આ કાર્યક્રમ 2018માં લોંચ કરવામાં આવ્યો હતો.

⇛ ભારતે સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ હેઠળ હિપેટાઈટીસ-Bની રસીને પણ આવરેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ભારતમાં આશરે 4 કરોડ લોકોને હિપેટાઈટીસ-Bનો રોગ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ હિપેટાઈટીસ-B માટેની પ્રથમ રીકોમ્બીનન્ટ DNA (rDNA) આધારીત રસી ભારતમાં હૈદરાબાદમાં શાંતા બાયોટેકમાં બની હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) કેન્દ્રીય પ્રાણીસંગ્રહાલય ઓથોરિટી (સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક ગેર–બંધારણીય ગેર–વૈધાનીક (non-Statutory) સંસ્થા છે.

(2) તેની સ્થાપના ઝૂ રેગ્યુલેશન એક્ટ, 1985 હેઠળ કરવામાં આવી છે.

(3) તેના અધ્યક્ષ અથવા તો સભ્યપદે કોઈ મંત્રી હોઈ શકે નહીં.

(4) તે પ્રાણીસંગ્રહાલયને ઓળખ પ્રદાન કરે છે તથા તેનું નિયમન પણ કરે છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2)
(C) માત્ર (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારતમાં 2 ઓક્ટોબરથી 8 ઓક્ટોબર દરમિયાન દર વર્ષે વન્યજીવ સપ્તાહ (Wildlife Week)ની ઊજવણી કરવામાં આવે છે.

⇛ આ સપ્તાહ દરમિયાન કેન્દ્રીય પ્રાણીસંગ્રહાલય ઓથોરીટીએ TERI (The Energy and Resources Institute) સાથે મળીને એક રિપોર્ટ બહાર પાડયો છે. આ રિપોર્ટનું નામ 'Economic Valuation of Ecosystem Services, National Zoological Park, New Delhi' છે.

⇛ કેન્દ્રીય પ્રાણીસંગ્રહાલય ઓથોરીટી એક વૈધાનીક સંસ્થા છે. તેની સ્થાપના 1992માં વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972 હેઠળ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) અને (2) ખોટાં છે.)

⇛ તે પર્યાવરણ મંત્રાલય હેઠળ આવે છે તથા તેના અધ્યક્ષપદે પર્યાવરણ મંત્રી હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેનું કાર્ય ભારતમાં પ્રાણીસંગ્રહાલયોનું નિયમન કરવાનું તથા તેને ઓળખ આપવાનું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) FATF (Financial Action Task Force) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની સ્થાપના G7 સમૂહની પહેલના કારણે થઈ હતી.
(2) તેનું સચિવાલય WTOના વડાંમથકની અંદર જ આવેલું છે.
(3) તેનું એક કાર્ય હથિયારોના ફેલાવાને મળતાં નાણાંને રોકવાનું છે.
(4) તે વિવિધ દેશો સમક્ષ પ્રતિબંધો માટે ગ્રે લિસ્ટ, બ્લેક લિસ્ટ અને રેડ લિસ્ટ બહાર પાડે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (3)
(D) માત્ર (1) અને (3)

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ ઓક્ટોબર મહિનાના અંત સમયે FATFની મીટીંગ યોજાનાર છે. આ દરમિયાન પાકિસ્તાનનો સમાવેશ ગ્રે લિસ્ટમાં થાય તેવી પૂરી સંભાવના છે.

⇒ FATFની રચના 1989માં G7 સમૂહની પહેલ દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ તેનું સચિવાલય OECDના વડાંમથક (પેરિસ)ની અંદર સમાયેલું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ તે વિવિધ દેશો સમક્ષ પ્રતિબંધો માટે ગ્રે લિસ્ટ અને બ્લેક લિસ્ટ બહાર પાડે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ **FATFના કાર્યક્રમો :–**

- પૈસાની ગેરકાયદેસર હેરફેરને અટકાવવા માટેના ઉપાયો તૈયાર કરવાં.
- આંતકવાદીઓને મળતાં નાણાને રોકવામાં મદદ કરવી.
- વિનાશ સર્જતા હથિયારોના ફેલાવા માટે જવાબદાર નાણાને રોકવાં.

(આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ડેરીંગ સિટિઝ કોન્ફરન્સ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) વર્ષ 2020ની પરીષદ માટે ભારતમાંથી 5 શહેરોના વડાઓના ભાગ લેવા માટે આમંત્રણ મળેલું છે.

(2) આ કોન્ફરન્સની રચના લંડન પીસ કલબ દ્વારા કરવામાં આવી હતી.

(3) આ પરીષદ સ્થાનિક આબોહવા પરિવર્તનની પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ડેરીંગ સિટિઝ-2020ની કોન્ફરન્સ માટે વિશ્વના 5 શહેરી વિસ્તારોના વડાંઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. જે પૈકી ભારતમાંથી દિલ્હીના મુખ્યમંત્રીને આમંત્રણ મળેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પરિષદમાં આબોહવા કટોકટી, તેને ઘટાડવાના ઉપાયો તથા આબહોવા પરિવર્તનને સંલગ્ન સ્થાનિક પ્રક્રિયા અને પ્રવૃત્તિઓનું પ્રદર્શન કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પરિષદની રચના ICLEI નામની સંસ્થા તથા બોન શહેર (જર્મની) દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ICLEIનો અર્થ લોકલ ગવર્મેન્ટ્સ ફોર સસ્ટેઈનેબીલીટી થાય છે.

⇛ વર્ષ 2020ની પરિષદ 3 અઠવાડિયા (7થી 28 ઓકટોબર) સુધી ચાલશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT